# સુવધા કેવીરીતે મેળવશો
# સોનેરી ચાર ચરણ

**ચરણ ૧** **તમારી માંદગીની વિગતો તમારા સારવાર કરી રહેલા તબીબ પાસેથી જણાવ્યા પ્રમાણેના ફરમામાં મેળવી લેવી**

વિમાદારે હોસ્પિટલમાં દાખલ થવાના ૨૪ કલાક અગાઉ જણાવ્યા પ્રમાણેના ફરમામાં PHS ની ૨૪ કલાક ચાલતી હેલ્પલાઇન પર જાણ કરવાની રહેશે. જો હોસ્પિટલમાં દાખલ થવાનું નિર્ધારીત હોય તો ૨૪ થી ૭૨ કલાક અગાઉ PHS-TPA ને જાણ કરવી.

**ચરણ ૨** **અરજી પત્રનો ફેક્સ કરવો**

નેટવર્ક હોસ્પિટલમાં (વિનામૂલ્ય) કેશલેશની સુવિધા મેળવવા માટે વિમાદારે / દવાખાના તરફથી રોગના નિદાન સંબંધી જરૂરી માહિતી અને રિપોર્ટ PHS ઓફિસને મોકલી આપવા જેથી PHS તમારા વિમાની અવધિ અને શરતો મુજબ કાર્યવાહી કરીશકે.

**ચરણ 3** **પ્રમાણ પત્ર મેળવો**

અરજી પત્રની ચકાસણી બાદ PHS પ્રમાણ પત્ર (AL) મોકલશે. પ્રમાણ પત્ર નેટવર્ક હોસ્પિટલને નાણાં ચુકવવાની બાંહેધરી આપશે. જેનાથી વિમાદાર વિનામૂલ્યે તબીબી સારવાર મેળવી શકશે. તમારુ હોસ્પિટલમાં સારવાર લેવાનું નિર્ધારિત / તાત્કાલિક હોય, વિમાદારે કેશલેસની સુવિધા મેળવવા માટે અગાઉથી પ્રમાણપત્ર (AL) મેળવી લેવુ આવશ્યક છે.

**ચરણ ૪** વિમાદારને વિનંતી કરવામાં આવેછે કે હોસ્પિટલમાં દાખલ થવાના દિવસે પ્રમાણપત્ર અને ઓળખપત્ર હોસ્પિટલના રિસેપ્શન પર રજૂ કરવું PHS હોસ્પિટલને પણ પ્રમાણપત્રની નકલ મોકલી આપવાની વ્યવસ્થા કરશે.

## કેશલેશ કયારે નકારવામાં આવે.

- PHS ને પૂર્વ જાણ કર્યા વગર નેટવર્ક હોસ્પિટલમાં દાખલ થવાથી.
- અરજીપત્રમાં સપૂર્ણ માહિતી ન આપવાથી અયોગ્ય માહિતી અને લક્ષણો ને કારણે PHS ની મેડીકલ ટીમ વિમાના ધારા ધોરણ મુજબ પ્રમાણપત્ર મંજુર કરવા અસમર્થ હોય.

કેશલેસ નકારવામાં આવે એનો અર્થ એવો નથી કે જરૂરી સારવાર ન લઈ શકો.

## વિમાદારે નોધમાં લેવાજેવી બાબતો

નેટવર્ક હોસ્પિટલમાં દાખલ થવા માટે જે તે હોસ્પિટલના નિયમ મુજબની કાર્યવાહી કરવી. નેટવર્ક હોસ્પિટલમાં દાખલો ખાટલાની ઉપલબ્ધિ પ્રમાણે રહેશે.

કેશલેસ સુવિધા તમારી પોલિસીના ધારાધોરણ અને નિયમો મુજબ રહેશે.

પોલિસી નીચે મુજબના ખર્ચને આવકારતી નથી

- ટેલિફોન / ફેક્સ બીલ
- સંબંધીઓના ખાણા, પીણા
- પ્રસાધન, વગેરે

આ બધા ખર્ચની ચુકવણી હોસ્પિટલમાંથી રજા લેતા પહેલા તમારે હોસ્પિટલને કરવાની રહેશે.

## તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થાવ ત્યારે

તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થાવ ત્યારે પોતાનું ઓળખપત્ર હોસ્પિટલમાં રજૂ કરવાનું રહેશે. વિમાધારક / સગાસંબધી PHS HELPLINE પર જાણ કરશે. PHS તેની પોલીસીની શરતો અનુસાર ચકાસણી કરીને નિયમ અનુસાર પ્રમાણપત્ર મંજૂર કરશે. જો હોસ્પિટલમાં દાખલ થતાં પહેલા PHS HELPLINE ને જાણ કરવામાં નહિ આવે તો હોસ્પિટલ એની રાબેતા મુજબ નાણાં વસૂલની કાર્યવાહી કરશે.

## નોન - નેટવર્ક હોસ્પિટલમાં દાખલ થવા બાબત

જો વિમાદાર નોન - નેટવર્ક હોસ્પિટલમાં સારવાર લેવાનું પસંદ કરે અને PHS હેલ્પ લાઈનને હોસ્પિટલમાં દાખલ થતાં પહેલા જાણ કરે અને હોસ્પિટલ PHS નું પ્રમાણપત્ર સ્વીકારે તો PHS પોલીસીની શરતો અને અવધિ પ્રમાણે પ્રમાણપત્ર આપી શકે અથવા તો પછી વિમાદારે હોસ્પિટલના બિલની ચૂકવણી જાતે કરીને PHS માં વળતર મેળવવા PHS માં દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. એ માટે વિમાદારે સારવાર અંગેના નીચે મુજબના તમામ અસલ રીપોર્ટો અને દસ્તાવેજો યોગ્ય દાવાનું વળતર મેળવવા માટે રજૂ કરવાના રહેશે.

## રજા લેતી વખતે શું કરવું અને દાવાપત્ર કેમ રજુ કરવું

વિમાદારે રજા લેતી વખતે દરેક બિલ ઉપર સહિ કરાવી પ્રમાણભૂત કરાવી લેવા. વિમાદારે નીચે મુજબના બધા દસ્તાવેજો અને પ્રમાણપત્રો હોસ્પિટલમાંથી રજા મેળવ્યા બાદ સાત દિવસની અંદર અસલમાં રજૂ કરવાના રહેશે.

- સહી કરેલ દાવા પત્ર - હોસ્પિટલ બિલ / રસીદ.
- ડીસ્ચાર્જ કાર્ડ (સમરી રિપોર્ટ) - નિદાન અંગેના રિપોર્ટો.
- ડોકટરના પ્રિસ્ક્રીપ્શન સહિત તપાસ અંગેના બિલ અને રસીદ.
- સારવાર કરતા તબીબના પ્રિસ્ક્રીપ્શન સહિત બિલ તથા લેબોરેટરી તપાસના બિલ.

## હોસ્પિટલની સારવારની આગળ અને પાછળના ખર્ચનું વળતર મેળવવા માટે.

હોસ્પિટલમાં દાખલ થતા પહેલાના અને રજા લીધા પછીના મેડીકલ ખર્ચનું વળતર પોલીસીમાં મળવાપાત્ર છે. આ માટે સહિ કરેલા દાવાપત્ર સાથે પ્રિસ્ક્રીપ્શન, બીલ, રસીદ, PHS માં રજૂ કરવાના રહેશે.

નેટવર્ક હોસ્પિટલમાં વિનામૂલ્ય (કેશલેસ) સારવાર મેળવવાનો વિમા પોલીસીધારક ને ફાયદો રહેશે. પોલીસીધારકને આ સુવિધા પૂરી પાડવા માટે PHS તરફથી જાણીતી હોસ્પિટલ અને નર્સિંગ હોમનું એક નેટવર્ક તમારા માટે બનાવવામાં આવ્યુ છે. આ માહિતી મેડીકલેમ પોલિસીમાં કેવીરીતે સેવા મેળવી શકાય એનું માર્ગ દર્શન કરશે.

નોંધ :-

- PHS નેટવર્ક હોસ્પિટલમાં તમને કેશલેસ મેળવવાની સુવિધા માત્ર ત્યારેજ મળે જયારે તમારી ઈન્સ્યોરન્સ કંપનીનો કોન્ટ્રાકટ PHS સાથે થયેલો હોય
- સારવારની ઉપલબ્ધતા, ગુણવત્તા અને પરિણામ માટે PHS જવાબદાર નથી. નેટવર્ક / નોન નેટવર્ક હોસ્પિટલની પસંદગી એ વિમાદારનો વિશેષાધિકાર છે.
- ઓળખપત્ર ખોવાઈ જાઈ તો ફરીથી મેળવવા માટે રૂા ૫૦/- વધારાના ભરવાપાત્ર રહેશે.